પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૩૩.૨ ડીગ્રી
લઘુતમ : ૧૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૩૧ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૫૪ | ૨૫ નવેમ્બર, ૨૦૧૬, શુક્રવાર ; કારતક વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન

અહીંથી કાપો




અહીંથી કાપો





# આજથી જૂની નોટની ફેરબદલી બંધ

**જરૂરી સેવા પર રાહત : એક હજારની નોટ હવે માત્ર બેંકમાં જ જમા થઈ શકશે : પેટ્રોલ પંપ, સરકારી હોસ્પિટલ, સરકારી સેવાઓમાં માત્ર ૫૦૦ રૂપિયાની જ જૂની નોટના ઉપયોગની અવધિ ૧૫મી ડિસેમ્બર સુધી વધારાઈ : પાણી, વીજળી બિલ ચૂકવણી કરી શકાશે**



નવી દિલ્હી,તા. ૨૪

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની જૂની નોટને આજે ગુરૂવારે અડધી રાતથી એક્ષચેન્જ કરાવી શકાશે નહીં એટલે કે આ નોટ બદલી શકાશે નહીં. જરૂરી સેવાઓ ઉપર છૂટછાટને જારી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ૨૪મી નવેમ્બરની અડધી રાત બાદથી બેંક કાઉન્ટરોથી એક્ષચેન્જ કરાવી શકાશે નહીં. આનો મતલબ એ થયો કે શુક્રવારના દિવસથી આ નોટને હવે માત્ર બેંકમાં જ જમા કરાવી શકાશે. આવી નોટને જમા કરવાની અવધિ ૩૦મી ડિસેમ્બર સુધી છે. સરકારે આજે નોટબંધીની સાથે જોડાયેલા કેટલાક મહત્વના નિર્ણય કર્યા હતા. ગુરૂવારે અડધી રાત બાદથી ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની જૂની નોટને બેંક કાઉન્ટરથી નવી નોટથી બદલી શકાશે નહીં. જોકે રાહત આપીને સરકારે અનેક સેવાઓમાં માત્ર ૫૦૦ રૂપિયાની જૂની નોટના ઉપયોગની અવધિને ૧૫મી ડિસેમ્બર સુધી વધારી દીધી છે.


● અનુસંધાન પાન-૭ પર


## ગરીબો માટે ૫૦ દિવસ પણ પીડાજનક : મનમોહનસિંઘ

**નક્કર તૈયારી વગર મોટો નિર્ણય કરાયો હતો : સરકાર સ્કીમને અમલી કરવામાં ફ્લોપ જ છે : દરરોજ નોટબંધી માટે નિયમો બનાવવા માટેની વાત યોગ્ય નથી**



નવી દિલ્હી,તા. ૨૪

ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંઘે નોટબંધીના મામલામાં આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે સરકારે કોઈપણ નક્કર તૈયારી વગર આટલી મોટી સ્કીમને અમલી મુકી દીધી હતી. સૌથી મોટા નિર્ણયને અમલી બનાવતા પહેલા ઘણી તૈયારી કરવાની જરૂર હતી. તૈયારી નહીં કરવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. મનમોહનસિંઘે કહ્યું હતું કે સરકાર નોટબંધી માટે ૫૦ દિવસ માંગી રહી છે પરંતુ લોકો માટે આ ખૂબ જ પીડાદાયક બાબત છે. નોટબંધીથી દેશના જીડીપીને બે ટકા સુધીનું નુકસાન થઈ શકે છે. સરકાર આ સ્કીમને યોગ્ય રીતે અમલી કરવામાં ફ્લોપ રહી છે. મોદીની ઉપસ્થિતિ


● અનુસંધાન પાન-૭ પર


## રૂપિયો ઓલટાઈમ નીચી સપાટી પર

નવી દિલ્હી, તા. ૨૪

બેંકો અને આયતકારો દ્વારા અવિરત ખરીદારીના પરિણામ સ્વરૂપે આજે રૂપિયો ઓલટાઈમ નીચી સપાટીએ પહોંચી ગયો હતો. જેથી કારોબારીઓ હચમચી ઉઠ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આઠમી નવેમ્બરના દિવસે મોટી નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદથી રૂપિયામાં ચાર ટકા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે.

રૂપિયા ઉપર દબાણ લાવવામાં પાંચ મુખ્ય પરીબળોની સીધી અસર આજે જોવા મળી હતી. રૂપિયો આ મહિનામાં હજુ સુધી ત્રણ ટકા સુધી ઘટી ગયો છે. ઓગસ્ટ ૨૦૧૫ બાદથી ડોલર સામે રૂપિયો સૌથી વધુ ઘટ્યો છે. અલબત્ત અમેરિકામાં પ્રમુખ પદની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની જીત થયા બાદથી સીધી અસર જોવા મળી રહી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પણ રૂપિયો ડોલર સામે ૬૮.૮૩ સુધી પહોંચતા દરમિયાનગીરી કરી હતી.

# હજુ બેંકો-એટીએમ પર ધસારો

**એટીએમ પર હાલ મોડી રાત સુધી લાઈનો હોય છે : પરિસ્થિતીને હળવી કરવાના પ્રયાસો હજુ પણ અપુરતા સાબિત થઈ રહ્યા છે**

નવી દિલ્હી,તા. ૨૪

બેંકો અને એટીએમ તેમજ પોસ્ટ ઓફિસ પર લાંબી લાઈન હજુ પણ યથાવતરીતે જોવા મળી રહી છે. લાંબી લાઈનો સવારથી જ જોવા મળી રહી છે. આજે ૧૬માં દિવસે પણ સ્થિતીમા કોઈ સુધારો રહ્યો ન હતો. બીજી બાજુ એટીએમ પર ગઈકાલે મોડી રાત્રે ૧૨ વાગ્યા સુધી પણ લોકોની લાઈનો કેટલીક જગ્યાએ જોવા મળી હતી. સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલા છતાં તેની અસર ઓછી દેખાઈ રહી છે. આઠમી નવેમ્બરના દિવસે રૂપિયા ૧૦૦૦ અને ૫૦૦ની નોટ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યા બાદ શરૂ થયેલા અંધાધુંધીનો દોર આજે ૧૬માં દિવસે પણ જારી રહ્યો હતો. સવારથી જ લોકો બેંકો, એટીએમ અને પોસ્ટ ઓફિસ પર લાઈનમાં લાગેલા નજરે પડ્યા હતા. સ્થિતીને હળવી કરવાના તમામ પ્રયાસ કરવામાં આવ્યા હોવા છતાં સ્થિતી બેકાબુ બનેલી છે. બીજી બાજુ લોકો ભારે પરેશાન દેખાઈ રહ્યા છે. આઠમી નવેમ્બરના દિવસે રાત્રે પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ


● અનુસંધાન પાન-૭ પર






ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225


# નોટબંધી મામલે રાજ્યસભામાં ઉગ્ર ચર્ચા

નવી દિલ્હી,તા. ૨૪

નોટબંધીને લઈને લોકસભા અને રાજ્યસભામાં આજે પણ ભારે હોબાળો રહ્યો હતો અને કામગીરી વારંવાર ખોરવાઈ ગઈ હતી. રાજ્યસભામાં નોટબંધી ઉપર ગરમા ગરમ ચર્ચા ચાલી હતી. જે દરમિયાન તમામ પક્ષોએ પોત પોતાની રજુઆત કરી હતી. પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંઘે પણ પોતાની રજુઆત કરી હતી. સમાજવાદી પાર્ટીના નેતા નરેશ અગ્રવાલે મોદી ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. રાજ્યસભામાં જુદા જુદા નેતાઓએ પોત પોતાની રજુઆત કરીને લોકોની મુશ્કેલી ઉપર પ્રકાશ ફેંકવાના પ્રયાસ કર્યા હતા. સમાજવાદી પાર્ટીના નેતા નરેશ અગ્રવાલે કાળા નાણાં પર સરકારના ઉદ્દેશ્ય સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે સરકારની મદદના લીધે જ વિજય માલ્યા ભાગી ગયા છે. લલિત મોદી ભાગી ગયા હતા. જે વિદેશમાં બેસીને સરકારને ખુલ્લો પડકાર ફેંકી રહ્યા છે. તેમને કેમ પકડી પાડવામાં આવી રહ્યા નથી. નરેશ અગ્રવાલે વડાપ્રધાનના ભાવનશાલી બની જવાના મુદ્દે પણ પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે મોદી આગ્રા ગયા હતા, ગાઝીપુર ગયા હતા. ભાવનાશીલ બનીને ભાષણ આપી રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે કોઈ આપને સળગાવી દેશે, મારી નાખશે આવા નિવેદન સાંભળીને હંમેશા પીડા થાય છે. જો વડાપ્રધાનની જાનને ખતરો છે તો અમારી સુરક્ષા કોણ કરશે.





